## બાલરમત

- આનંદની અનુભૂતિ થાય છે.
- વ્યકત થવાની તક મળે છે.
- સમૂહમાં રહેવાની ભાવના કેળવાય છે.
- બાળકોનું શરીર સુદૃઢ અને ખડતલ બને છે.
- ધીરજ, એકાગ્રતા, સહિષ્ણુતા, શિસ્ત, વ્યવસ્થા, નિયમપાલન, સહકાર અને ખેલદિલી જેવા ગુણો વિકસે છે.
- તાજગી અનુભવે છે. નેતૃત્વની તાલીમ મળે છે.
- અનુકૂલન સાધતા શીખે છે.

## ગીત-સંગીત-અભિનય

- હૃદયની કેળવણી થાય છે.
- સૂર, તાલ, લયમાં તરબોળ બની આનંદની અનુભૂતિ થાય છે.
- તાલબદ્ધ રીતે ગાતા શીખે છે.
- બાળકોનું શરીર સુદૃઢ અને ખડતલ બને છે
- ભાષા શિક્ષણ થાય છે. શબ્દભંડોળ વધે છે.
- અભિવ્યકત થવાની તક મળે છે
- શરમસંકોચ દૂર થાય છે.
- ગીત સાથે તેને અનુરૂપ જ્ઞાન મળે છે.
- કલ્પનાશકિત વિકસે છે.

## બાલ નાટક

- અભિવ્યકત થવાની તક મળે છે
- વકતૃત્વશકિત વિકસે છે.
- અવલોકન અને અનુકરણ કરવાની શકિત વિકસે છે.
- અભિનય કૌશલ્ય વિકસે છે.
- સભાક્ષોભ - સંકોચ દૂર થાય છે.
- સ્નાયુ પર કાબુ આવે છે.
- સ્મૃતિ, કલ્પના અને તર્કશકિતનો વિકાસ થાય છે.
- ઉચ્ચારણ શુધ્ધ થાય છે.
- આવેગોની સહજ અભિવ્યકિત થાય છે.
- નાયકનું કથાવસ્તુ સહજ રીતે આત્મસાત થાય છે.

## બાલ વાર્તા

- અભિવ્યકત થવાની તક મળે છે
- વકતૃત્વ શકિત વિકસે છે.
- આનંદની અનુભૂતિ થાય છે.
- કલ્પનાશકિતનો વિકાસ થાય છે.
- શબ્દભંડોળ વધે, ભાષાવિકાસ થાય.
- પાત્રો - પ્રસંગો દ્વારા સમાજજીવનનો પરિચય થાય.
- સ્મૃતિશકિતનો વિકાસ થાય છે. નાટયશકિતનો પાયો રચાય છે.
- ઉચ્ચારણ શુધ્ધ થાય છે.
- આવેગોની સહજ અભિવ્યકિત થાય છે.
- શિક્ષક અને મા-બાપ સાથે આત્મીયતા સધાય.
- જીજ્ઞાસા જાગૃત થાય - તૃપ્ત થાય.

## છાપકામ

- સર્જનનો આનંદ માણે.
- હસ્ત કૌશલ્ય ખીલે.

- સ્વચ્છતા, ચોકસાઈ જેવા ગુણ વિકસે.
- કલ્પના શકિતનો વિકાસ થાય છે.
- જુદા જુદા રંગોથી પરિચિત થાય.
- મુળરંગોમાંથી મિશ્રરંગો બનાવતા શીખે.
- છાપકામની વિવિધ રીતોથી પરિચિત થાય.

## ચિત્રકામ

- સર્જનનો આનંદ માણે.
- હસ્ત કૌશલ્ય ખીલે.
- સ્વચ્છતા, ચોકસાઈ જેવા ગુણ વિકસે.
- કલ્પના શકિતનો વિકાસ થાય છે.
- એકાગ્રતાનો ગુણ કેળવાય.
- ચિત્રની વિષયવસ્તુ વિશે જાણકારી મળે.
- લેખન માટેની પૂર્વ તૈયારી થાય.
- અવલોકનશકિત વિકસે.

## રંગપૂરણી

- સર્જનનો આનંદ મળે.
- આંગળાના સ્નાયુ કેળવાય.
- વિવિધ રંગોનો પરિચય થાય.
- કલ્પનાશકિતનો વિકાસ થાય છે.
- એકાગ્રતાનો ગુણ કેળવાય.
- મિશ્ર રંગો બનાવતા શીખે.
- જેમા રંગ પૂરે તે બાબતથી પરિચિત થાય.
- સ્વચ્છતા, ચોકસાઈ જેવા ગુણ વિકસે.

## ચીટકકામ

- નવસર્જનનો આનંદ માણે.
- સૌંદર્ય દૃષ્ટિ વિકાસ પામે.
- ગુંદર, ફેવીકોલ વગેરેનો ચોકસાઈપૂર્વક ઉપયોગ કરતા થાય.
- કલ્પના શકિતનો વિકાસ થાય છે.
- ગૃહ ઉપયોગી વસ્તુઓ જાતે બનાવતા શીખે.
- સ્વચ્છતા, ચોકસાઈ જેવા ગુણ વિકસે.

## ભાષા શિક્ષણ

- શબ્દ ભંડોળ વધે.
- ભાષાનું જ્ઞાન વિકસે.
- હસ્ત કૌશલ્ય વિકસે.
- અવલોકનશકિતનો વિકાસ થાય છે.
- સર્જનનો આનંદ માણે.

## ગણિત શિક્ષણ

- ગણન કૌશલ્ય વિકસે.
- તર્ક શકિતનો વિકાસ થાય.
- હસ્ત કૌશલ્ય વિકસે.
- અવલોકનશકિતનો વિકાસ થાય છે.
- સંખ્યાની વિવિધ રીતે સરખામણી કરતા શીખે.
- ચડતા - ઉપરતાક્રમની સંકલ્પના સમજે.
- સ્થાનકિંમતની સંકલ્પના સમજે.